# નગર સેવા સદન, ભુજ

ડો.જયંત ખત્રી માર્ગ, ભુજ–કચ્છ.

નં.ભુનપા/ફાયર/ ૩૪૫૮/૨૦.

તા.૩૦/૦૧/૨૦૨૦

પ્રતિ,
સંચાલક શ્રી,
શ્રી ઘનશ્યામ એકડમી,
ગામઃ નારાણપર,
તાલુકોઃ ભુજ–કચ્છ.

વિષયઃ– ફાયર એન.ઓ.સી.આપવા બાબત.

સવિનહ સહ જણાવવાનું કે,આપશ્રીની આવેલ અરજી અનુસંધાને જાત તપાસ કરતા વિવિધ જગ્યાએ ફાયર એકસ્ટીગ્યુશર/ફાયર સિસ્ટમ રાખેલા છે.જે ધ્યાને લઈ નીચે મુજબની શરતે ફાયર એન.ઓ.સી આપવામાં આવે છે.

શરતોઃ–

૧) ગુજરાત ફાયર સેફટી એકટ– ૨૦૧૩ અમલવારી ૨૦૧૬ મુજબ જોગવાહીનો અમલ કરવાનો રહેશે.

૨) ઈલેકટ્રીકલ ઉપકરણ તથા વાયરીંગ ખુલ્લા તથા લુશ રાખવાના નહી.

૩) આગ અંગે અકસ્માત,નુકશાનની તમામ જવાબદારી સંચાલકશ્રી ની રહેશે.

૪) ગેસ સીલીન્ડરનો સ્ટોક તથા જ્વલનશીલ પદાર્થ ટ્યુશન ક્લાસીસ/ શાળા માં રાખવુ નહી.

૫) શાળા/ટ્યુશન વગેરેની મંજુરી સક્ષમ સતાઅધિકારીની લેવાની રહેશે.

૬) ફાયરના સાધનો ચાલુ હાલતમાં રાખવાના રહેશે.

૭) EXIT/દરવાજામાં અવરોધ થાય તેવા માલ/સમાન રાખવો નહી.તથા EXIT સાઈન બોર્ડ મુકવા.

૮) સંબંધીત મીલ્કત/ક્લાસીસને અકસ્માત વળતર અંગે વિમો લેવાનો રહેશે.

૯) રી–ઈન્સ્પેકશન દરમયાન ઈલેકટ્રીક લુઝ વાયરીંગ જણાશે તો ત્યારેજ N.O.C. રદ કરી નાખવામાં આવશે.

૧૦) ટ્યુશન કલાસીસમાં ઈમરજન્સી દરમયાન ઈમરજન્સી વાહન આવી શકે તેવો પાર્કીગ કરાવવાનનું આપની જવાબદારી રહેશે.

૧૧) આ એન.ઓ.સી.ફકત ફાયર સેફટીને ધ્યાન. લઈ આપવામાં આવે છે.જેમાં બાંધકામની મંજુરી અનિયમિતતા જણાય તો ભુજ નગરપાલિકા/ભાડા કચેરી/સરકાર શ્રી દ્વારા લેવાય નિર્ણયો સંદર્ભે સંપુર્ણ આપની જવાબદારી રહેશે.

૧૨) નેશનલ બિલ્ડીગ કોડ ૨૦૧૬ મુજબ કલાસીસમાં વિદ્યાર્થીઓની સંખ્યા રાખવાની રહેશે.

૧૩) વિદ્યાર્થીઓને ફાયર સેફટી જાગૃતિ સંદર્ભે આપશ્રી દ્વારા ડેમોસ્ટ્રેશન અને તાલીમ આપવાની રહેશે.

૧૪) ટ્યુશન કલાસીસ/ શાળામાં કોઈપણ ધાર્મિક/સામાજીક/પારીવારીક ઉજવણી દરમિયાન ફાયર ક્રેકર/બલુન/સળગી શકે તેઓ મટિરીયલનો ઉપયોગ કરવો નહી.

૧૫) જયારે ભુજ નગરપાલિકાના ફાયર શાખાના કર્મચારીઓ ચેક કરવા આવે ત્યારે N.O.C. બતાવવાં આપશ્રીની જવાબદારી રહેશે જો N.O.C. બતાવવામાં નહી આવે તો N.O.C. નથી લીધી તે સમજી કાર્યવાહી માટે આપશ્રીની જવાબદારી રહેશે.

૧૬) બેજમેન્ટનો ઉપયોગ કરવો નહી.

આ એન.ઓ.સી. તા.૩૦/૦૧/૨૦૨૦ થી તા.૨૯/૦૧/૨૦૨૧ સુધી માન્ય રહેશે.ત્યારબાદ એન.ઓ.સી.રીન્યુ કરાવવાનું રહેશે. **ઉપરોક્ત શરતોનો પાલન નહી કરવામાં આવે તો ફાયર એન.ઓ.સી.રદ ગણાશે.**

ફાયર ઓફિસર
ભુજ નગરપાલિકા

Shree Ghanshyam Academy C.B.S.E Affi No 430204 Naranpar

PRINCIPAL
Shree Ghanshyam Academy
Naranpar - Kutch

Scanned by CamScanner